# <u>આંક–૧ નીચે હુકમ</u>

## ક્રિ.કેસ.નંબર–૪૮૮૭૪/૨૦૨૫

(૧) સદર કામે હાલના ફરીયાદી ભરતભાઇ વલ્લભભાઈ સરવૈયાનાઓએ માલવીયાનગર પો.સ્ટે.ગુ.રજી.નંબર–૧૧૨૦૮૦૪૫૨૫૦૪૮૫/૨૦૨૫ થી બી.એન.એસ.કલમ–૩૦૩(૨),૩૧૭(૨),૫૪ મુજબ હાલના આરોપી વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરેલ જે મુજબનુ ગુનાનુ ચાર્જશીટ ત.ક.અમલદારે અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપી સામે ગુનાનુ તહોમત ઘ્યાને લેતા સમાધાનપાત્ર હોય અને આજરોજ ફરીયાદી હાજર હોય અને હાલના ફરીયાદીએ આંક–૪ થી સમાધાન પુરસીસ તથા આંક–૫ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

(૩) આમ,હાલના કામે ફરીયાદી આરોપીની ગેરહાજરીમાં સમાધાન કરવા માંગતા હોય અન`કેસ આગળ ચલાવવા માંગતા હોય જેથી સમાધાન પુરસીસમાં હાલના આરોપીની સહીઓ ન હોય તો પણ હાલના તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **નવનીતભાઈ રતીભાઈ અઘ્યારૂ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૧૮(૩) જી.એલ.આર–૨૨૩૭**નો ચુકાદો ઘ્યાને લેવામાં આવેતો તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

- બી.એન.એસ.એસ.કલમ–૩૫૯ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એકપક્ષીય પ્રક્રિયા છે દવીપક્ષીય પ્રક્રીયા નથી.
- બી.એન.એસ.એસ..કલમ–૩૫૯(૧) અને ૩૫૯(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નંબર–૩માં જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.
- કોમ્પોઝીશનની અરજી ફરીયાદી તથા આરોપીની સંયુકત સહીથી આપવા અદાલત માટે ફરજ પાડી શકે નહી.
- બી.એન.એસ.એસ.કલમ–૩૫૯ મુજબની કોમ્પોઝીશનની અરજી ઘ્યાને લેતા અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

- બી.એન.એસ.એસ.કલમ–૩૫૯ માં ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રીયા અદાલત ગુનાનુ સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે છે.

(૪) આમ,ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલા સિધાંત ધ્યાને લેતા સદર સિધ્ધાંત મુજબ બી.એન.એસ.એસ.–૩૫૯ મુજબ ગુનો દરગુજર કમ્પાઉન્ડીંગ કરવા માટેની માફ કરવાની પુરસીસમાં આરોપીની સહીની જરૂરીયાત નથી તેમજ આરોપીની અદાલત સમક્ષ હાજરીની પણ જરૂર નથી.તેમજ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકાય નહી.તેમજ બી.એન.એસ.એસ.કલમ–૩૫૯ અન્વયે ચોરાયેલ મિલકતના માલીક ગુનો કમ્પાઉન્ડીંગ કરી શકે છે.

(૫) હાલના કેસમાં ચોરાયેલા મિલકતના માલીકે આંક–૬ થી પુરસીસ આપેલાનુ જણાઈ આવે છે.જેથી સદર પુરસીસ રકોર્ડેડ કરી સમાધાન રેકર્ડ ઉપર નોંધવુ ન્યાયોચીત જણાઈ આવતુ હોવાથી સમાધાન પુરસીસ રેકર્ડ ઉપર નોંધી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

- આરોપી (૧) જગમલભાઈ ઉર્ફે મહેશ ઉર્ફે કવી કમાભાઈ પરમારને બી.એન.એસ.એસ.કલમ–૩૫૯(૧) અન્વયે બી.એન.એસ.કલમ–૩૦૩(૨),૩૧૭(૨),૫૪ મુજબના ગુનાના તહોમતમાંથી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે કરેલ મુદદામાલ અંગે વચગાળાનો કરેલ હુકમ કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૧૪ માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪– ૦૩ –૨૦૨૬

(ભાર્ગવ પી.ઠાકર)
ચોથા અધિક જે.એમ.એફ.સી.રાજકોટ.
(જી.જે.૦૧૬૧૮)